# ‘કારણ કે, હું મા છું’

– ‘જીવન ફોરમ’ માંથી સાભાર

લંડનની બાદશાહી હોસ્પિટલમાં આજે દોડધામ મચી ગઈ હતી. મહારાણી વિક્ટોરિયાની લાડકી દીકરી રાજકુમારી એલિસનો દશેક વર્ષનો રાજકુમાર અત્યંત ગંભીર માંદગીમાં પટકાયો હતો. લંડનના ખ્યાતનામ ડૉક્ટરોએ ખૂબ ઝીણવટથી કુમારને તપાસ્યો. તપાસને અંતે નિવેદન બહાર પડ્યું કે, માંદગી અત્યંત ગંભીર છે, હૃદયમાં રસી થાય છે. એને પરિણામે મુખમાંથી પ્રાણઘાતક શ્વાસ નીકળે છે. બચવાની ખૂબ જ ઓછી શક્યતા છે. સારવાર કરનારાઓએ ખૂબ જ સાવચેતી રાખવાની છે. જો ભૂલેચૂકે શ્વાસોચ્છ્વાસ માટે નીકળતો ઝેરી વાયુ લેવાય ગયો તો કુમારની પહેલાં એ યમપુરીનાં દ્વાર ખખડાવવા પહોંચી જશે.’

ડૉક્ટરોના આ નિવેદન પછી તો કુમારની સારવારમાં રહેનારી નર્સો પણ કુમારની પથારીથી દસ કદમ દૂર ને દૂર ઊભી રહેવા લાગી. જો કે કુમારની સારવાર તો સરસ રીતે થતી હતી, પણ નજીક બેસીને એની સાથે વાત કરવા કોઈ તૈયાર ન હતું. મોતના મોંમાં હાથે કરીને કોણ પ્રવેશે ?

રાજકુમારી એલિસથી આ સહન ન થયું. પોતાનો પ્રાણપ્યારો દીકરો ગંભીર માંદગીમાં પટકાયો હોય અને પથારીમાં બેઠો બેઠો એકલો મૂંઝાતો હોય એ મમતાળુ માથી કેમ રહેવાય ?

પ્રાણની પરવા છોડીને રાજકુમારી એલિસકુમારની શૈયામાં જઈ બેઠી.

કુમારનું માથું ખોળામાં લઈ પ્રેમથી પૂછ્યું, ‘બેટા, કેમ છે હવે ?’

‘મમ્મી ! તું આવી ?’ માને પાસે જોઈને કુમારનું મુખકમળ ખીલી ઊઠ્યું.

માતાના સાંનિધ્યમાં કુમાર પોતાનું અડધું દુઃખ વીસરી ગયો. માતાનો મમતાભર્યો હાથ કુમારના અંગેઅંગ પર ફરી રહ્યો હતો; માતાનો મીઠો હાથ ફરતો ફરતો કુમારના ગાલ પર પડ્યો. કુમારે પણ પોતાનો હાથ લંબાવીને માતાના મુખ પર ફેરવ્યો અને બોલ્યો : ‘મમ્મી ! મને બચ્ચી કરને ! ચૂમી ભર્યે કેટલા દિવસ થયા !’



રાજકુમારના પ્રેમ નીતરતા શબ્દો સાંભળીને રાજકુમારી એલિસે આંચકો અનુભવ્યો. એક બાજુ પુત્ર પ્રેમની યાચના કરી રહ્યો હતો. બીજી બાજુ મોત પોતાના બિહામણા ડોળા ફાડી રહ્યું હતું.

માતાનું હૃદય ઝણઝણી ઊઠ્યું. માતૃહૃદયની ગિરિકંદારામાંથી વાત્સલ્યનું ઝરણું જોશભેર વહી નીકળ્યું. એલિસકુમાર સામે જોઈ મધુર હાસ્ય વેર્યું ને હૈયાના હેતથી કુમારને ચુંબનથી નવડાવ્યો.

આખરે ધાર્યું હતું એવું જ પરિણામ આવ્યું. કુમારનો ઝેરી શ્વાસ રાજકુમારીને સ્પર્શ્યો. એ પણ મૃત્યુના બિછાને પટકાઈ પડી.

શાણા ડૉક્ટરોએ રાજકુમારી એલિસને પૂછ્યું, 'રાજકુમારી ! તમે ભણેલીગણેલી ને સમજુ હોવા છતાંય આવી ભૂલ કરી બેઠાં ?'

'ડૉક્ટર! ભણેલીગણેલી ને સમજુ હોવાથી હું જાણતી હતી કે, રાજકુમારનું સાંનિધ્ય સેવવું એટલે મોતને આમંત્રણ આપવું.'

જીવનનો છેલ્લો શ્વાસ લેતાં લેતાં એલિસે કહ્યું, 'કારણકે, હું મા છું.' એલિસે સંતોષનો શ્વાસ લેતાં દેહ છોડયો.

આજે પણ લંડનના બાદશાહી સ્મશાનમાં રાજકુમારી એલિસની કબર હયાત છે.

એ કબર પર લખ્યું છે કે, 'કારણકે, હું મા છું.'

■